BUSINESS મિત્ર

સેન્સેક્સ 573 પોઈન્ટ ઉછળ્યો, રોકાણકારોની સંપત્તિમાં રૂ. 4.5 લાખ કરોડનો જંગી વધારો; નિફ્ટી 26,340ની ઓલટાઇમ હાઇ પર

નિફ્ટીએ બનાવ્યો નવો રેકોર્ડ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 2: નવા વર્ષ 2026ના બીજા દિવસે અને સપ્તાહના અંતિમ દિવસે નિફ્ટીએ નવી ઓલટાઇમ હાઇ હાંસલ કરી હતી, તે જ સમયે સેન્સ્ક્સ 573 પોઇન્ટ ઉછળ્યો હતો. જેમાં બ્રોડર માર્કેટમાં તેજી જળવાઇ રહી હતી અને મિડકેપ તથા સ્મોલકેપ શેરોમાં પણ મજબૂતાઇ જોવા મળી હતી. જેના લીધે રોકાણકારોએ રૂ. 4.5 લાખ કરોડની કમાણી કરી હતી.

સેકટર વાઇઝ જોઇએ તો એફએમસીજી સેકટર સિવાયના અન્ય તમામ સકેટરો પોઝિટિવ બંધ રહ્યા હતા. જેમાં ઓટો, મેટલ, કેપિટલ ગુડઝ, મીડિયા, રિયલ્ટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, પાવર અને પીએસયુ બેન્ક શેરોમાં ઉચાળો જોવાયો હતો.

મજબૂત ઓટો વેચાણ ડેટા અને સતત ખરીદીના રસ પર આશાવાદ દ્વારા સમર્થિત બજારનું સેન્ટિમેન્ટ સમગ્ર સત્ર દરમ્યાન હકારાત્મક રહ્યું હતું. રોકાણકારો હવે આગામી કમાણીની સિઝન તરફ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. આજે નિફ્ટીએ 26340 પોઇન્ટની નવી રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચ્યો હતો, જ્યારે બેન્ક નિફ્ટી 60203.75 પોઇન્ટની ઓલટાઇમ હાઇએ પહોંચ્યો હતો.

બીએસઇમાં લિસ્ટેડ કંપનીઓનું ફુલ માર્કેટ કેપિટલાઇઝેશન વધીને 481.29 લાખ કરોડ થયું છે, જે અગાઉના કારોબારી દિવસે રૂ. 476.92 લાખ કરોડ હતું. આ રીતે બીએસઇમાં લિસ્ટેડ કંપનીઓની માર્ખેટ કેપમાં આજે લગભગ રૂ. 4.37 લાખ કરોડ વધી ગઇ છે, જે રોકાણકારોએ કમાણી કરી છે.

બીએસઇ સેન્સેક્સ 573.41 પોઇન્ટ એટલે કે 0.67 ટકા વધીને 85762.01 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડે સેન્સેક્સ 85812 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 85068 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 182 પોઇન્ટ એટલે કે 0.70 ટકા વધીને 26300ની સપાટી કુદાવીને 26328.55 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 26340 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 26118 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 439.40 પોઇન્ટ એટલે કે 0.74 ટકા વધીને 60000 પોઇન્ટની સપાટી કુદાવીને 60150.95 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બ્રોડર માર્કેટએ ફ્રન્ટલાઇન શેરોને પાછળ છોડી દીધા હતા. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.97 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.79 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહ્યા હતા. બીએસઇ ખાતે 2780 શેરો વધ્યા હતા, જ્યારે 1444 શેરો ઘટ્યા હતા અને 147 શેરો યથાવત રહ્યા હતા. આજે રિયલ્ટી શેરોમાં મજબૂતાઇ જોવા મળી હતી. નિફ્ટી રિયલ્ટી ઇન્ડેક્સ 1.52 ટકા ઉછળ્યા હતા. જેમાં અનંતરાજ, ગોદરેજ પ્રોપર્ટીઝ, ઓબરોય રિયલ્ટી, શોભા, ફોનીક્સ મીલ્સ, લોઢા ડેવલપર્સ, ડીએલએફ, પ્રેસ્ટીજ એસ્ટેટ વધ્યા હતા.

બીએસઇ ખાતે લેમન ટ્રી હોટલ્સ 13.23 ગણા, દેવયાની ઇન્ટરનેશનલ 8.28 ગણા, સેફાયર ફુડસ ઇન્ડિયા 5.88 ગણા, ટ્રેન્ટ લિ. 5.6 ગણા અને ઇન્ડિયામાર્ટ 5.04 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે દેવયાની ઇન્ટરનેશનલ 12.08 ગણા, આઇડીબીઆઇ બેન્ક 10.02 ગણા, એસજેવીએન લિ. 9.84 ગણા, ટ્રાન્સફોમર્સ એન્ડ રેકટીફાયર્સ 7.02 ગણા અને એલીકોન એન્જિનીયરીંગ 6.98 ગણા કામકાજ નોંધાયા છે.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારો નવા વર્ષની શરૂઆત પોઝિટિવ કરી હતી અને સકારાત્મક વલણ સાથે આગળ વધ્યા હતા.નવા વર્ષની શરૂઆતમાં એશિયન બજારો ઉંચા બંધ રહ્યા હતા. જેમાં હોંગકોંગ અને દક્ષિણ કોરિયા ઉંચા બંધ રહ્યા હતા. જ્યારે દક્ષિણ કોરિયાના ખોસ્પી ઇન્ડેક્સ એક નવો રેકોર્ડ બનાવ્યો હતો. જેણે સમગ્ર ક્ષેત્રમાં રોકાણકારોનું સેન્ટિમેન્ટ વધાર્યુ હતું. જ્યારે જાપાન અને મુખ્ય ભૂમિ ચીન સહિતના કેટલાક એશિયન બજારો હજુય પણ રજાઓ માટે બંધ હતા.યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.48 ટકા, કેક 0.33 ટકા અને ડેક્સ 0.57 ટકા સુધરા સાથે આગળ વધ્યા હતા. જ્યારે એશિયન બજારોમાં સ્ટ્રેઇટસ 0.21 ટકા, હેંગસેંગ 2.68 ટકા, તાઇવાન 1.32 ટકા, કોસ્પી 2.22 ટકા, જકાર્તા 1.16 ટકા અને શાંઘાઇ 0.09 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	573.41	85762.01
નિફ્ટી	182.00	26328.55
બેન્ક નિફ્ટી	439.40	60150.95

રૂપિયો તૂટીને ફરીથી ૯૦ને પાર

કરન્સી બજારમાં ડોલરની મજબૂતાઇ જોવા મળી હતી અને ફરી એકવાર 90ની સપાટી કુદાવી હતી. આજે ડોલરની સામે રૂપિયો 22 પૈસા તૂટીને 90.19ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 89.97ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 106.11, પાઉન્ડ 121.89, કેનેડિયન ડોલર 65.83, ઓસ્ટ્રેલિયન ડોલર 60.43, જાપાનીઝ યેન 0.5749 અને સીંગાપોર ડોલર 69.92ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	90.17 રૂ.
યુરો	106.11 રૂ.
પાઉન્ડ	121.89 રૂ.
યેન	0.5749 રૂ.

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
કોલ ઇન્ડિયા	6.85	427.90
એનટીપીસી	4.70	352.10
હિન્દાલ્કો	3.44	925.70
ટ્રેન્ટ	2.61	4409.60
જિયો ફાઇનાન્સીયલ	2.03	301.70

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
આઇટીસી	3.79	350.05
નેસલે ઇન્ડિયા	1.18	1279.70
કોટક મહિન્દ્રા બેન્ક	1.02	2195.10
શ્રીરામ ફાઇ.	0.92	1010.35
એક્સીસ બેન્ક	0.59	1266.90

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એનટીપીસી	4.67	352.00
ટ્રેન્ટ	2.58	4408.80
બજાજ ફાઇનાન્સ	1.84	990.10
પાવરગ્રીડ	1.57	271.05
એસબીઆઇ	1.49	999.35

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
આઇટીસી	3.79	350.15
કોટક મહિનદ્રા બેન્ક	1.04	2195.10
એક્સીસ બેન્ક	0.36	1269.70
ભારતી એરટેલ	0.09	2108.20
ઇન્ટરગ્લોબ એવીએશન	0.05	5106.45

સિગારેટ પર ટેક્સનો ડામ : ITCના શેરમાં કડાકાથી LICના રૂ. 10,445 કરોડ ધુમાડો

નવી દિલ્હી: કેન્દ્ર સરકાર દ્વારા સિગારેટ પરની એક્સાઇઝ ડ્યુટીમાં કરાયેલા તોતિંગ વધારાની સીધી અસર શેરબજાર પર જોવા મળી છે. દેશની સૌથી મોટી વીમા કંપની LIC ને ITCમાં કરેલા તેના રોકાણમાં માત્ર 48 કલાકમાં □10,445 કરોડનું નુકસાન થયું છે. નાણાં મંત્રાલયે ૧ ફેબ્રુઆરીથી સિગારેટ પરના ટેક્સ માળખામાં ફેરફાર કરવાની જાહેરાત કરી છે, જેનાથી ટેક્સનું ભારણ લગભગ 50% જેટલું વધી શકે છે. આ સમાચાર આવતાની સાથે જ ITC ના શેરમાં 14% સુધીનો ઘટાડો નોંધાયો હતો. ITC માં LIC 15.86% હિસ્સો ધરાવે છે, જેની કિંમતમાં ગાબડું પડતા LIC ના પોર્ટફોલિયોને મોટો આંચકો લાગ્યો છે.

નિષ્ણાતોના મતે, હવે ITC એ પોતાનો નફો જાળવવા માટે સિગારેટની કિંમતોમાં 25% થી 40% નો વધારો કરવો પડશે, જેની સીધી અસર કંપનીના વેચાણ અને ગ્રાહકો પર પડી શકે છે.

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૩૯૦૨૦
તેજાબી સોનું	૧૩૮૯૩૦
દાગીના-૨૨ કેરેટ	૧૩૨૦૭૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૩૬૨૪૦
સોનાનાં બિસ્કીટ	૧૩૯૦૨૦૦
ચાંદી (૯૯૯)	૨૩૯૫૦૦
ચાંદી સિક્કા	૨૪૧૦૦૦

ચાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ દીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂા.	૭૫/૩૬ ,,	૧૧૧	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૩૩	૫૦/૩૬ ,,	૧૨૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૨૯
૩૦/૩૬ એફડી	૨૩૮	૫૦/૪૮ SD/ક્રેપ	૧૮૫	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૧૪.૫૦
૬૨/૩૬ ક્રિમ્પ	૧૨૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ	૧૬૧
૬૮/૩૬	૧૧૯	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૨૨
૭૨/૩૬ ક્રિમ્પ	૧૧૮	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૨૦
૯૦/૩૬ ક્રિમ્પ	૧૧૨	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૧૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૧૩	૮૦/૭૨ રોટો	૧૨૦	૭૫ ક્રિમ્પ	૧૧૬
૩૦/૧૪ ક્રિમ્પ	૧૫૮	૮૦/૭૨ ફોલ્ડર	૧૨૯	૮૦ ક્રિમ્પ	૧૧૫
૮૦/૭૨ રોટો.	૧૧૭.૫	૧૬૦ ડીસ્ક્રેટ	૧૨૯	૮૦/૭૨ રોટો	૧૧૮
૮૦/૩૬ રોટો.	૧૧૬	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૧૨	૮૦/૧૦૮ ,,	૧૨૪	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૧૬

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૩૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૦૦
એસ-૩૦	૪૨૫૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૭૮૦	કોપરેલ	૬૩૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૫૮૦	વનસ્પતિ ઘી	૨૩૨૦
સીંગતેલ (૫ લી)	૮૩૦	સનફ્લાવર	૨૩૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૩૬૦	તલતેલ	૪૯૫૦
કપાસીયા (૧૫ લિ.)	૨૧૫૦	દિવેલ	૨૪૬૦
કપાસીયા (૫ લિ.)	૭૮૦	મકાઇ તેલ	૨૩૫૦
સરસીયું તેલ	૨૯૦૦		

ખુશખબર- 12 લાખ આવક સુધી No Tax

ફાયનાન્સ એક્ટ 2025થી આવકવેરાની નવી ટેક્ષ સીસ્ટમ અંતર્ગત અનેક રાહતકારક સુધારાઓ દ્વારા હવે જૂની ટેક્ષ સીસ્ટમને અલવિદા આપી દેવાની તૈયારીઓ થઇ ગઇ છે અને નાણાંકિય વર્ષ 2025-26 યાને કે A.Y. 2026-27થી હવે એક માત્ર નવી ટેક્ષ સીસ્ટમ અમલી રહેશે અથવા કહો કે કરદાતાઓની એકમાત્ર પસંદ રહેશે. એવું લાગી રહ્યુંછે અને આને અનુલક્ષીને જૂની ટેક્ષ સીસ્ટમમાંરીટર્ન ભરતાં કરદાતાઓ નહિવત થઇ જશે એવું લાગે છે.

12 લાખની આવક સુધી

ફાયનાન્સ એક્ટ 2025ની આકર્ષક અને ઉડીને આંખે વળગે એવી એક જોગવાઇ મુજબ હવે 12 લાખની આવક સુધી શૂન્ય ટેક્ષ લાગશે. સરકારે કરમુકત આવકવેરા મર્યાદા વધારી નથી પરંતુ કલમ 87-એ અંતર્ગત મળતા રીબેટની લીમીટ 25000થી વધારી સીધી 60000 કરી દીધી છે અને નવી ટેક્ષ સીસ્ટમમાં ટેક્ષ સ્લેબ 12 લાખ સુધી 60000 ટેક્ષ આવે છે જેની સામે એટલું જ ટેક્ષ રીબેટ મળતા ટેક્ષ શૂન્ય આવશે. વળી નવી ટેક્ષ સીસ્ટમમાં 4 લાખની આવક લીમીટ સુધી કોઇ ટેક્ષ નથી.

યાદ રહે આ લાભ ફકત વ્યકિતગત કરદાતાઓ માટે જ છે. HUF, કંપની AOP માટે નથી. વ્યકિતગત સિવાયની આ તમામ કેટેગરી માટે નવી ટેક્ષ સીસ્ટમ મુજબ 4 લાખની આવક સુધી શૂન્ય ટેક્ષ, 4 લાખથી 8 લાખની આવક સુધી 5 ટકા ટેક્ષ, 8 લાખથી 12 લાખની આવક સુધી 10 ટકા ટેક્ષ, વિગેરે વિગેરે. આમ અન્ય કેટેગરીવાળાઓને 12 લાખની આવક ઉપર 60000 ટેક્ષ આવશે અને તેઓને કોઇ રીબેટ લાભ મળશે નહિ.

આ નવી ટેક્ષ સીસ્ટમ મુજબ

ટેક્સ ટ્વિટર
વિરેશ રૂદ્લાલ

કરદાતાઓ PPF, LIC વિગેરે કોઇ રોકાણ કરવાનું નથી. મેડિકલેઇમ, લોન વ્યાજ વિગેરે કશું પણ બાદ કર્યરુ વગર 12 લાખ સુધીની ચોખ્ખી આવક શૂન્ય ટેક્ષથી રીટર્નમાં દર્શાવી શકાશે.

જૂની ટેક્ષ સીસ્ટમ મુજબ 12 લાખની આવક

જૂની ટેક્ષ સીસ્ટમ મુજબ કરદાતા મહત્તમ 4.75 લાખ સુધીની બચત કપાત બાદ લઇ શકે જેમાં કલમ 80સી મુજબ 1.50 લાખ, કલમ 80 સીસીડી-એનપીએસમાં ફાળો 50 હજાર, કલમ 80ડી મેડિકલેઇમ પ્રિમીયમ (માતા પિતા સહિત) 75 હજાર, કલમ 24 હાઉસીંગ લોન વ્યાજ 2 લાખ મુખ્યત્વે છે. આમ નેટ આવક 7.25 લાખ (12 લાખ-4.75 લાખ) ઉપર 70 હજાર ટેક્ષ ભરવાનો થશે અને નવી ટેક્ષ સીસ્ટમમાં શૂન્ય ટેક્ષ સીધો 70 હજારનો ફાયદો.

પગારદારને વધારાના 75 હજાર

પગારદાર કર્મચારીને વધારાના 75 હજાર સ્ટાન્ડર્ડ ડિડકશન તરીકે બાદ મળતા તેઓની કરમુકત આવક 12.75 લાખ થશે. આમ વ્યકિતગત (Individual), પત્ની તથા એક પુત્ર વિગેરે તમામની આવક ભેગીક રતા લગભગ 36 લાખ સુધી કોઇ ટેક્ષ ભરવાનો રહેતો નથી જે આવકારદાયક જોગવાઇ છે. તેથી હવે જૂની ટેક્ષ સીસ્ટમમાં રીટર્ન ભરવાનો કોઇ મતલબ નથી.

માર્જીનલ રિલીફ

નવી ટેક્ષ સીસ્ટમની કલમ 115 બીએસી મુજબ 12 લાખથી થોડી વધુની આવક દર્શાવનારને માર્જીનલ રિલીફનો લાભ મળતા તેઓ ઉપર એકદમ ભારી ટેક્ષનો બોજ આવશે નહિ કારણ કે 12 લાખની ઉપર ટેક્ષ રીબેટનો બિલ્કુલ લાભ નથી. દા.ત. 12.10 લાખની આવક ઉપર સીધો 61500નો ટેક્ષ આવે છે. પરંતુ માર્જીનલ રિલીફને લઇને ભરવાપાત્ર ટેક્ષ વધારાની આવકથી વધવો જોઇએ નહિ. એ સિધ્ધાંતે ફકત 10000 ટેક્ષ વત્તા સેશ ભરવોપડશે. 1270600 સુધીની આવક ઉપર ટેક્ષ 70600 સુધીનો સમકક્ષ આવશે. એક માહિતી મુજબ ચાલુ નાણાંકિય વર્ષથી એડવાન્સ ટેક્ષ ભરનારાની સંખ્યામાં કાફી ઘટાડો નોંધાયો છે.

રવિવાર હોવા છતાં 1 ફેબ્રુઆરીએ જ બજેટ રજૂ કરવાની સરકારની તૈયારી

નાણાં મંત્રાલયમાં ધમધમાટ; રજાના દિવસે પણ પરંપરા જાળવી રાખવા અધિકારીઓ શેડ્યૂલ મુજબ કાર્યરત

નવી દિલ્હી, તા. 1: કેન્દ્ર સરકાર કેન્દ્રીય બજેટ 2026 માટે તેની તૈયારીઓમાં વ્યસ્ત છે, સરકાર 1 ફેબ્રુઆરી 2026ના રોજ બજેટ રજૂ કરવાની યોજના ધરાવે છે અને હાલમાં આ તારીખમાં કોઇ ફેરફારના સંકેતો નથી. 1 ફેબ્રુઆરી, 2026 રવિવાર છે. અહેવાલો અનુસાર, અધિકારીઓ શેડ્યૂલ મુજબ કામ કરી રહ્યા છે, જેથી પરંપરા મુજબ સંસદમાં સમયસર બજેટ રજૂ કરી શકાય.

જોકે, બજેટ સત્રની તારીખો અને સમયગાળા અંગે સરકાર દ્વારા હજુ સુધી કોઇ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. સંસદનું બજેટ સત્ર ક્યારે શરૂ થશે અને તે કેટલો સમય ચાલશે તે અંગેની ઔપચારિક સૂચના હજુ બાકી છે. સમગ્ર કાર્યક્રમનું સ્પષ્ટ ચિત્ર આપવા માટે સરકારની સત્તાવાર જાહેરાત પર સાંસદો, માર્કેટ પ્લેયર્સ અને રોકાણકારોની નજર છે.

સૂત્રો કહે છે કે નાણાં મંત્રાલય અને તેની સાથે સંબંધિત વિભાગો બજેટની તૈયારીમાં સંપૂર્ણ રીતે લાગેલા છે. બજેટ સાથે જોડાયેલા ડ્રાફ્ટ દસ્તાવેજો, દરખાસ્તો અને નાણાકીય ડેટાને અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે જેથી 1લી ફેબ્રુઆરીએ બજેટ કોઈપણ વિક્ષેપ વિના રજૂ કરી શકાય. સરકારનું ધ્યાન એ છે કે બજેટની પ્રક્રિયા સામાન્ય રીતે અને સમયસર પૂર્ણ થાય.

બજેટ સત્ર અંગે સરકાર દ્વારા ટૂંક સમયમાં ઔપચારિક જાહેરાત થવાની સંભાવના છે. આ જાહેરાત થતાંની સાથે જ સંસદના સત્રનો સમયગાળો, બજેટ સાથે જોડાયેલી મહત્વપૂર્ણ તારીખો અને પ્રક્રિયાઓ સાથે જોડાયેલી તમામ શંકાઓ દૂર થઇ જશે. મીડિયા, ઉદ્યોગ અને રોકાણકારો આ જાહેરાતની આતુરતાથી રાહ જોઇ રહ્યા છે.

કેન્દ્રીય બજેટ માત્ર સરકાર માટે જ નહીં, પરંતુ સામાન્ય લોકો, ઉદ્યોગપતિઓ અને રોકાણકારો માટે પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. બજેટની તારીખમાં ફેરફારથી બજારના આયોજન, નીતિગત નિર્ણયો અને સંસદીય ચર્ચાઓ પર અસર પડી શકે છે. હાલમાં, સત્તાવાર જાહેરનામું આવે ત્યાં સુધી, એવું માનવામાં આવી રહ્યું છે કે કેન્દ્રીય બજેટ 1 ફેબ્રુઆરીએ શેડ્યૂલ મુજબ રજૂ કરવામાં આવશે અને તમામ તૈયારીઓ તે દિશામાં આગળ વધી રહી છે.

L&T ના શેરમાં તોફાની તેજી

સેલ સહિત અન્ય કંપનીઓ તરફથી 10,000 કરોડનો મોટો ઓર્ડર મળતા સ્ટોક બાવન વીકની ઉંચાઇએ

મુંબઇ, તા. 2: કન્સ્ટ્રકશન સેકટરની લાર્જકેપ કંપની લાર્સન એન્ડ ટુબ્રોના શેરમાં ઝડપી ઉછાળો આવ્યો હતો અને બાવન વીકની ઉંચાઇને ટચ કરી દીધો હતો. જે છેલ્લે રૂ. 4164ના ભાવે બંધ રહ્યો હતો. સેલ સહિત અન્ય કંપનીઓ તરફથી 10 હજાર કરોડ રૂપિયા ઓર્ડર મળ્યો હોવાથી લાર્સનમાં ઝડપી ઉછાળો આવ્યો હતો.

કંપનીએ સ્ટોક એક્સચેન્જને આપેલા અપડેટમાં જણાવ્યું હતું કે તેના ખનિજ અને ધાતુના વ્યવસાયને કેટલાક મોટા ઓર્ડર મળ્યા છે. કંપનીને સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને અન્ય ગ્રાહકો તરફથી આ ઓર્ડર મળ્યા છે, અને આ ભારતના મેટલ ઉદ્યોગમાં એન્જિનિયરિંગ, કન્સ્ટ્રક્શન (ઇપીસી) પ્રોજેક્ટ્સ અને સંબંધિત ઉત્પાદનો માટે છે.

એલ એન્ડ ટીએ જણાવ્યું હતું કે તે ઘણા દાયકાઓથી સેઇલ સાથે મળીને કામ કરી રહ્યું છે અને સમગ્ર ભારતમાં સ્ટીલ સંબંધિત ઘણા પ્રોજેક્ટ્સ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. કંપનીએ વધુમાં જણાવ્યું હતું કે આ લાંબા ગાળાની ભાગીદારી નવી ટેક્નોલોજી લાવવા, ઉત્પાદન ક્ષમતા વધારીને અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપીને ભારતના સ્ટીલ ઉદ્યોગને મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

એલએન્ડટીના કુમારસને જણાવ્યું હતું કે, સેઇલ દ્વારા એલએન્ડટીની પસંદગી ફરી એકવાર મર્યાદિત સમયમર્યાદામાં મુશ્કેલ અને ટેકનિકલ રીતે જટિલ પ્રોજેક્ટ્સનું સંચાલન કરવાની કંપનીની ક્ષમતામાં મજબૂત વિશ્વાસ દર્શાવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ ઓર્ડર સુરક્ષિત કરવાથી એલએન્ડટીની તકનીકી કુશળતા, સમયસર પ્રોજેક્ટ પૂર્ણ કરવા પર તેનું ધ્યાન અને શરૂઆતથી અંત સુધી જટિલ પ્રોજેક્ટ્સનું સંચાલન કરવાની તેની ક્ષમતા સાબિત થાય છે.

સામાન્ય ટ્રેડિંગ નહીં પણ 'મોક ટ્રેડિંગ' માટે બજાર રહેશે ધમધમતું

શનિવારે પણ ખુલશે શેરબજાર

3 જાન્યુઆરીએ NSE-BSE માં ખાસ સત્ર

નવી દિલ્હી, તા. 2: નવા વર્ષની શરૂઆતમાં શેરબજારને લગતા એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. સામાન્ય રીતે શનિવારે બંધ થતું શેરબજાર આવતીકાલે એટલે કે 3જાન્યુઆરી, 2026 ના રોજ ખુલશે. જો કે, તે સામાન્ય ટ્રેડિંગ માટે નહીં પરંતુ મોક ટ્રેડિંગ સત્રો માટે હશે. બીએસઇ અને એનએસઇએ સત્તાવાર માહિતી જાહેર કરી છે.

બીએસઇના જણાવ્યા અનુસાર, શનિવારે ઇક્વિટી સેગમેન્ટ માટે મોક ટ્રેડિંગ સેશન યોજાશે. તેનો હેતુ ટ્રેડિંગ સિસ્ટમ્સ, સોફ્ટવેર અને રિસ્ક મેનેજમેન્ટથી સંબંધિત તકનીકી પાસાઓની તપાસ કરવાનો છે.

બીએસઇએ જણાવ્યું હતું કે સેબીના 24 નવેમ્બર 2020 ના પરિપત્ર હેઠળ નિયમનકારી આવશ્યકતાઓને પહોંચી વળવા માટે આ મોક ટ્રેડિંગ સત્ર યોજવામાં આવી રહ્યું છે. ટ્રેડિંગ સભ્યો કાં તો મોક ટ્રેડિંગ સત્રોમાં ભાગ લઈ શકે છે.

આ ઉપરાંત, ટ્રેડિંગ સભ્યો કે જેઓ તૃતીય-પક્ષ ટ્રેડિંગ પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે તેઓ પણ આ પ્રસંગે તેમની ટ્રેડિંગ એપ્લિકેશનનું પરીક્ષણ કરી શકે છે. તે કોલ ઓક્શન સેશન્સ, રિસ્ક-રિડક્શન મોડ, ટ્રેડિંગ હોલ્ટ્સ, બ્લોક ડીલ્સ અને અપવાદરૂપ બજારની પરિસ્થિતિઓ જેવી સુવિધાઓ ચકાસી શકશે. બીએસઈએ એ પણ સ્પષ્ટતા કરી છે કે આ મોક સત્ર દરમિયાન બોલ્ટ ટીડબ્લ્યુએસની કોઇ નવી રજૂઆત કરવામાં આવશે નહીં.

અદાણી એન્ટરપ્રાઇઝીઝનો ૧૦૦૦ કરોડનો ત્રીજો NCD ઇશ્યૂ

૮.૯૦% સુધી વ્યાજ મળશે

અમદાવાદ: અદાણી એન્ટરપ્રાઇઝીઝ લિ.એ સુરક્ષિત, લિસ્ટેડ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (NCD) ના ત્રીજા પબ્લિક ઇશ્યૂની જાહેરાત કરી છે. આ ઇશ્યૂ ૬ જાન્યુઆરીએ ખુલી ૧૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ બંધ થશે. રોકાણકારોને વાર્ષિક ૮.૯૦% સુધીની ઉપજ મળશે. NCD ૨૪, ૩૬ અને ૬૦ મહિનાના ગાળા માટે ઉપલબ્ધ છે, જેમાં વ્યાજ ચુકવણીના ૮ વિવિધ વિકલ્પો છે. ICRA અને CARE દ્વારા 'AA/સ્થિર' રેટિંગ ધરાવતા આ ઇશ્યૂમાં ૫૦૦ કરોડનો બેઝ ઇશ્યૂ અને ૫૦૦ કરોડનો ગ્રીન શૂ વિકલ્પ સામેલ છે. રોકાણકારો ન્યૂનતમ ૧૦,૦૦૦ (૧૦ NCD) થી રોકાણ કરી શકશે. ગ્રુપ CFO જુગેશિન્દર સિંઘે જણાવ્યું કે, આ ઇશ્યૂ રિટેલ રોકાણકારોને ભારતના ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં ભાગીદાર બનાવવાનો પ્રયાસ છે. ઇશ્યૂની રકમનો ઉપયોગ મુખ્યત્વે દેવાની ચુકવણી અને કોર્પોરેટ હેતુઓ માટે થશે.

સુડોકુ ૬૪૧૩ - 'ક્રૂર'

		૩	૧		૯	૭	૫	૪
	૨	૯	૬	૭				
		૪	૮					૯
૯				૮	૨		૪	૬
૩		૭				૮	૨	
		૨		૧			૭	
૨	૯	૬				૫	૮	૭
૪	૩	૮		૯	૭	૬		૨
૧					૮		૯	૩

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૬૮૨૩-ક્રૂર કીડિ

શબ્દગુંફન - ૭૧૩૬

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. ઇચ્છા (૪)
૩. જરૂરી જ ખર્ચ કરવું તે (૫)
૬. હિંમત (૨)
૭. શિવનો પોઠિયો (૨)
૯. રક્તવાહિની, રગ (૨)
૧૧. ઉપકાર (૨)
૧૨. જગા, રાજી (૩)
૧૪. પ્રથા, રિવાજ (૩)
૧૪. લોચન, આંખ (૩)
૧૭. મશ્કરી (૩)
૧૮. ક્રિકેટની રમતમાં દોડીને લેવાય (૨)
૨૦. અધિકાર(૨)
૨૧. દીવાની જયોત (૨)
૨૩. સરખી સપાટીનું (૪)
૨૬. સૂર્ય (૩)
૨૮. ચીજ, વસ્તુ (૩)
૨૯. નમેલું (૨)
૩૧. મુખ, ચહેરો (૩)
૩૨. દુઃખ, પીડા (૩)
૩૪. આંટો, ફેરો (૩)
૩૫. કેળવણી, શિક્ષણ (૩)

ઊભી ચાવી
૧. મુબારકબાદી (૫)
૨. તક (૨)
૩. અરુચિ, અપ્રીત